CHARTER NO: 15139 | RI DISTRICT: 3060 | CHARTER DATE: 29-05-1955

RI PRESIDENT:RTN. FRANSESCO AREZZO

DG: RTN. AMARDEEP BUNET

Rotary
Surendranagar, District 3060



**Club President**
**Rtn. Hiren Shah**

**Club Secretary**
**Rtn. Jitesh Daftari**














Year-71




August 25

# ઉદગમ



## Drama Fund-rising Event

ડ્રામા : પત્ની નચાવે એને કોણ બચાવે (સ્ટેજડ્રામા)
તારીખ : ૨૭-૭-૨૦૨૫, રવિવાર
ઈવેન્ટ ચેર : રો. દિલિપ શાહ
સ્થળ : દિન દયાળ પંડિત હોલ, સુ.નગર

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા મજેદાર અને હાસ્યાસ્પદ ફંડ રાઈઝીંગ ઈવેન્ટ યોજાયેલ હતો. આ નાટકથી ૭૫૦ ડોનેશન પાસ વેચાયા હતા. આ નાટકથી મળેલ રકમ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા કરવામાં આવતા વિવિધ સામાજીક પ્રોજેક્ટ્સમાં ઉપયોગ થશે જે સમાજ માટે ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન સાબિત થશે.







## Project - 13

પ્રોજેક્ટ : ‘‘વૈદિક મેથ્સ’’ (સેશન-૨)
પ્રોજેક્ટ ચેર : રો. નિશા કેલા

તારીખ : ૨૯-૭-૨૦૨૫, મંગળવાર
સ્થળ : શાળા નં. ૧૭, વઢવાણ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના માધ્યમથી રો. નિશા કેલા દ્વારા કલાસ ૬, ૭ અને ૮ માં આ પ્રોજેકટ કરવામાં આવેલ હતો.

આ કલાસમાં ૧૦૦ બાળકો હાજર હતા. એક કલાકની આ કલાસમાં બાળકોને મેથ્સની સરળ ટ્રિકસ્ શીખવવામાં આવી તેમણે ગણતરી અને ગણિતને નજીકથી સમજવાની તક મળી બાળકો ખુર રસ લઈને શીખ્યા હતા.

આ પ્રકારના ‘વૈદિક’’ વર્ગો બાળકોના સર્વાંગી વિકાસ માટે અત્યંત ઉપયોગી છે આથી બાળકોને તેમના સકારાત્મક ગુણો ઉજાગર કરવાની તક મળે છે. આ પ્રોજેકટ ખુબ જ સફળ રહ્યો હતો અને બાળકોને ઘીણી જ મજા પણ આવી હતી.

## Meeting - 5

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. અર્પૂવ શેઠ
સુવિચાર : રો. ઉદય રાવલ
ગ્રીટીંગ્સ્ : રો. કે. અને. પટેલ
ફોરવે ટેસ્ટ : રો. નિતીન શાહ
એટેન્ડન્સ : રો. કમલેશ રાવલ
તા. ૩૦-૭-૨૦૨૫, બુધવાર

અન્નપૂર્ણા પ્રોજેક્ટનો અહેવાલ રો. નિતિન શાહ દ્વારા આપવામાં આવ્યો હતો.

ડ્રામા ફંડ રાઈઝીંગ ઈવેન્ટનો અહેવાલ રો. દિલિપ શા દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી. ચેસ કોમ્પિટીશનની તૈયારી કેવી રીતે કરવી તેની વિગતવાર માહિતી. રો. રાકેશ શાહ તથા રો. જયેશ પંચોલી દ્વારા આપવામાં આવી ‘‘વૈદિક મેથ્સ’’ સેશન-૨ નો અહેવાલ હેમાલી દફતરી દ્વારા આપવામાં આવ્યો.

## Project - 14

પ્રોજેક્ટ : ચેસ કોમ્પીટીશન
પ્રોજેક્ટ ચેર : રો. જયેશ પંચોલી
પ્રો.કો. ચેર : રો. રાકેશ શાહ
તારીખ : ૩-૮-૨૦૨૫, રવિવાર
સ્થળ : એન.ટી.એમ. હાઈસ્કુલ પાસે રોટરી હોલ, સુ.નગર

તા. ૩-૮-૨૦૨૫ ના રોજ ચતુર્થી વાર્ષિક ચેસ ટુર્નામિન્ટનું આયોજન રોટરી હોલ ખાતે કરવામાં આવ્યું.

આ ટુર્નામિન્ટ સવારે ૯ કલાકે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. તેમાં પ્રેસીડન્ટ રો. હિરેન શાહ, સેક્રેટરી રો. જીતેશ દફતરી, પંકજ પંચોલી, રો. ડો. સિધ્ધેશ વોરા, રો. જયેશ પંચોલી, રો. રાકેશ શાહ તથા રો. ઉદય રાવલ દ્વારા દિપ પ્રાગટ્યથી શરૂઆત કરવામાં આવી.

આજના આ દિવસે ગુજરાતના વિવિધ ભાગોમાં બીજી બે મોટી ટુર્નામિન્ટ યોજાઈ રહી હતી. તેમ છતા સ્પર્ધકોને આપણી ટુર્નામિન્ટમાં ભાગ લેવા માટે પસંદગી કરી જે આપણા માટે ગૌરવની વાત છે.

આ ટુર્નામિન્ટમાં સમગ્ર ગુજરાતમાંથી ૧૫૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો જેમા ભુજ, ગાંધીધામ, ગાંધીનગર, બોટાદ,






રાજકોટ, ધ્રાંગધ્રા, કેશોદ, પાલનપુર, અમદાવાદ થી આવેલા હતા.

આ ટુર્નામિન્ટમાં ૯ થી ૮૫ વર્ષના એમ બે કેટેગરીના લોકોએ ભાગ લીધો હતો. આ ચેસ ટુર્નામિન્ટનું અવલોકન પંકજભાઈ પંચોલી તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ટુર્નામિન્ટમાં ભાગ લેવા માટેનું રજીસ્ટ્રેશન ઓનલાઈન કરવામાં આવ્યુ હતું.

પંકજભાઈ પંચોલી દ્વારા ખુબ જ મહેનત કરવામાં આવી હતી. જેના કારણે ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. સ્પર્ધકો તથા કાર્યકરો માટે બ્રેક ફાસ્ટ લંચ અને હાઈ-ટી ની ઉત્તમ વ્યવસ્થા રોટરી હોલ પર જ રાખવામાં આવી હતી. પંકજભાઈ દ્વારા સ્પર્ધકોને રાઉન્ડની વ્યવસ્થા સોફટવેર દ્વારા ડ્રો કરીને કરવામાં આવી હતી.

ચેસ ટુર્નામિન્ટમાં વિજેતાઓને રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તરફથી ટ્રોફી, મેડલ તથા કેશ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તેમજ તમામ ભાગ લેનારે સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા.

આ ટુર્નામિન્ટમાં શિસ્ત, સ્પોર્ટસમેનશિપ અને બુદ્ધિની રમતના ઉત્કૃષ્ટ દ્રષ્ટાંતો જોવા મળ્યા.

આ પ્રોજેક્ટ પ્રેસિડન્ટ રો. હિરેન શાહ, સેક્રેટરી રો. જીતેશ દફતરી, પ્રોજેક્ટ ચેર જયેશ પંચોલી, પ્રોજેક્ટ કો. ચેર રાકેશ શાહ તથા રોટેરીયન મિત્રોએ મહેનત ઉઠાવીને આ પ્રોજેક્ટ સફળ બનાવેલ હતો. આ પ્રોજેક્ટને સારો એવો પ્રતિસાદ મળેલ તથા પબ્લીક ઈમેજ માટે પણ સારો રહ્યો હતો.









ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



















## Project - 15

**પ્રોજેક્ટ : અન્નપૂર્ણા પ્રોજેક્ટ (નંબર - ૨)**
**પ્રોજેક્ટ ચેર : ચિંતન રાવલ**
**ડોનર : રો. અલ્પેશ સોની**

**તારીખ : ૬-૮-૨૦૨૫, બુધવાર**
**સ્થળ : વિનય મંદિર હાઈસ્કુલ, ઘરશાળા સ્કૂલ (વઢવાણ)**

વર્ષમાં કુલ ૧૨ અન્નપૂર્ણા પ્રોજેક્ટનું આયોજન કરાયું છે. તેમાં બીજો અન્નપૂર્ણા પ્રોજેક્ટ ઘરશાળા સ્કૂલ (વઢવાણ) ખાતે કરવામાં આવ્યો હતો.

આ પ્રજેક્ટનું ડોનેશન રો. અલ્પેશ સોની દ્વારા તેમના પિતાશ્રીની પૂણ્યતિથી નિમિતે આપવામાં આવ્યું હતું.

શરૂઆતમાં બાળકો દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. આ કર્યાક્રમનો મુખ્ય હેતુ ભવિષ્યના નિર્માતા બાળકોને આરોગ્યમય જીવન માટે પોષણ પુરૂ પાડવાનો હતો. રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર આવી સેવાકિય પ્રવૃત્તિઓ દ્વારા સકારાત્મક પરિવર્તન લાવવાનું કાર્ય કરી રહી છે. બાળકોને સ્વીટ, ફરસાણ, પુરી, શાક, દાળ, ભાત, છાશ, પાપડનું ભોજન પીરસાયું હતું. રો. કલ્પના મહેતા તરફથી બાળકોને નાસ્તા પેટે ચેવડો અને પેંડા આપવામાં આવ્યા હતા.

પ્રેસિડન્ટ રો. હિરેન શાહ, સેક્રેટરી જીતેશ દફતરી, રો. અલ્પેશ સોની તથા રો. ચિંતન રાવલ, રો. જયેશ પંચોલી તથા સ્પાઉસ હાજર રહ્યા હતા તમેજ ઘરશાળા સ્કૂલના ટ્રસ્ટી તૃપ્તિબેન તથા પ્રિન્સીપાલ સાહેબ, સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.









ideal Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## Meeting - 6

મીટીંગ કોલ ટુ ઓર્ડર : વૈશાલી કુરિયા
સુવિચાર : મેઘાવિની રાવલ
ગ્રીટીંગ્સ્ : રો. ઉદય રાવલ

ફોરવે ટેસ્ટ : મેઘના મહેતા
એટેન્ડન્સ : રો. ચિરાગ શાહ
તા. ૬-૮-૨૦૨૫, બુધવાર




ચેસ કોમ્પિટિશનનો અહેવાલ રો. જયેશ પંચોલી તથા રો. રાકેશ કાહ દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી. અન્નપૂર્ણા પ્રોજેક્ટનો અહેવાલ રો. ચિંતન શાહ દ્વારા આપવામાં આવ્યો રોટરી છાયડો જરૂરિયાતમંદ વ્યક્તિને આપેલ તેની માહિતી રો. નિતિન શાહ એ આપેલી.

કોઠારીયા પ્રાથમિક શાળા તથા ઉદ્યોગનગર ગાર્ડનમાં આરો ફીંટીગ તથા બસ સ્ટેશનમાં પાણીની પરબ ફીટીંગ વિશેની વિગતવાર માહિતી કયા અને કેવી રીતે કરવી તેની માહિતી પ્રેસિડન્ટ રો. હિરેન શાહ દ્વારા આપવામાં આવી. મંથલી મેગેઝીન બુલેટિનની શરૂઆત કરી તેની માહિતી રો. ક્રિષ્ના સોલંકી દ્વારા આપવામાં આવી.

રો. ડો. વી. જી. સતાણી દ્વારા આર્ટ ઓફ લિવિંગ સ્પીકર મીટીંગ રાખેલ હતી.

વર્ષ ૧૯૮૧ શ્રી, શ્રી રવિશંકર દ્વારા રચાયેલી સૌથી મોટી બિન લાભકારી સંસ્થા તે ૧૮૦ થી વધુ દેશોમાં ફેલાયેલી છે.

સિદ્ધાંત, સાધના, સેવા, સત્સંગ રોગ મુકત શરીર તણાવ મુકત મન, વાયોલન્સ મુકત, સમાજ યોગ, પ્રાણ, ધ્યાન ની સલાહ આપી.

દરેક વ્યકિતમાં ખુશી જુઓ સુદર્શન ક્રિયા એ આર્ટ ઓફ લિવિંગ સંસ્થાનું હૃદય છે. ડો. વી. જી. સતાણીએ ખૂબ જ સુંદર શબ્દમાં સ્પીચ આપેલી.

હેલ્થ એન્ડ હેલ્પ સેન્ટરાં રો. રશ્મિન મહેતાના સહયોગથી એક એર બેડ ડોનેટ કરવામાં આવ્યો.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## Project - 16

પ્રોજેક્ટ : સ્કુલ બેગ તથા વર્કબુક ડિસ્ટ્રીબ્યુશન
પ્રોજેક્ટ ચેર : રો. કિંજલ શાહ
ડોનર : રો. કિંજલ શાહ

તારીખ : ૭-૮-૨૦૨૫, ગુરૂવાર
સ્થળ : રોટરી હોલ, સુ.નગર



રો. કિંજલ શાહના જન્મ દિવસ નિમિત્તે રૂપાવટી પ્રાથમિક શાળામાં બાળકોને ૧૪૧ સ્કૂલ બેગ તથા આંગણવાડીના બાળકોને ૧૨૫ વર્ક બુક આપવામાં આવી.

શાળાના પ્રિન્સીપાલશ્રી ને રોટરી હોલ ખાતે આમંત્રિત કરી, રોટેરીયન સભ્યોની હાજરીમાં સ્કુલ બેગ તથા વર્કબુક અર્પણ કરવામાં આવ્યા.

રો. કિંજલના જન્મદિવસ નિમિત્તે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વર્કબુક તથા સ્કુલબેગ અર્પણ કરી સમાજ સેવાનો માર્ગ અપનાવવો એ સાચા રોટેરિયનની ઓળખ છે.





## Project - 17

પ્રોજેક્ટ : રક્ષાબંધન પર્વની ઉજવણી
સ્થળ : કલાકર્મપીઠ કલાસીસ, સુ.નગર

તારીખ : ૮-૮-૨૦૨૫, શુક્રવાર

રક્ષા બંધન પર્વની ઉજવણીનો પ્રસ્તાવ અનુબંધ સંસ્થાના નિરૂપાબેન શાહ દ્વારા પ્રેસિડન્ટ હિરેન શાહ સમક્ષ રજુ કરવામાં આવેલ. જેમાં પ્રેસિડન્ટ હિરેનશાહ તરફથી વધાવી લઈ ‘કલા કર્મપીઠ’’ના પ્રોજેક્ટ ચેર મેઘાવિની રાવલને તૈયારી કરવાની સુચના આપવામાં આવી હતી.

અનુબધ સંસ્થાના નિરૂપા શાહ તેમના સાથે બહેનો, કલાસીસ શીખવા આવતી બહેનો તથા રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના રોટરીના સભ્યો એમ સાથે મળીને

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

રક્ષાબંધન પર્વની ઉજવણી કરી.

આ પ્રોજેક્ટમાં ૫૦ બહેનો એ સાથે મળીને ભાગ લીધેલ એકબીજાના કાંડે રાખડી બાંધીને સાથે મળીને આ પર્વ ઉજવીને સમાજમાં એકતા અને સ્નેહનો સંદેશ આપ્યો અને તેમના સારા જીવન માટે શુભેચ્છાઓ આપી સાથે સંગીતના તાલે સૌ બહેનોએ ગરબા કર્યા હસ્યા અને ખૂબ જ આનંદ કર્યો.

આ રીતે સંસ્થામાં સૌના સહકારથી રક્ષાબંધનનો પાવન તહેવાર આનંદમય વાતાવરણમાં ઉજવાયો.

રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા ફસ્ટ લેડી તોરલ શાહ દ્વારા સૌને આઈસ્ક્રીમની ફેલોશીપ આપવામાં આવી.










ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## Project - 18

**પ્રોજેક્ટ : વૈદિક મેથ્સ (Session 3)**
**પ્રોજેક્ટ ચેર : રો. નિશા કેલા**
**તારીખ : ૧૨-૮-૨૦૨૫, મંગળવાર**
**સ્થળ : એસ.પી.સ્કુલ, સુ.નગર**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા એસ.પી. સ્કુલમાં ''વૈદિક મેથ્સ''નો કલાસ રો. નિશા કેલા દ્વારા લેવામાં આવ્યો. બાળકોએ આ તાલીમ થકી સરળ રીતે અને ઝડપથી વૈદિક ગણિતક રીતો શીખડાવવામાં આવી.

તાલીમ લેતા બાળકોએ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર ને વિનંતી કરી કે આવી તાલીમ માટે વધુ વૈદિક વર્ગો લેવામાં આવે જેથી બાળકો કુશળ બની શકે.






## Meeting - 7

**મીટીંગ કોલ ટુ ઓર્ડર : હેમાલી દફતરી**
**સુવિચાર : રો. કમલેશ રાવલ**
**ગ્રીટીંગ્સ્ : રો. ક્રિષ્ના સોલંકી**
**ફોરવે ટેસ્ટ : રો. કલ્પના મહેતા**
**એટેન્ડન્સ : ખ્યાતિ ગદાણી**

રૂપાવટી શાળામાં ૧૪૧ સ્કુલ બેગ તથા વર્કબુ ૧૨૫ રો. કિંજલ શાહના જન્મ દિવસ નિમિત્તે અર્પણ કરેલ તેનો અહેવાલ રો. સેક્રેટરી જીતેશ દફતરી દ્વારા આપવામાં આવ્યો.

''કલા કર્મ પીઠ'' કલાસીસમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીની વિગતવાર માહિતી મેઘાવિની રાવલ દ્વારા આપવામાં આવી.

તા. ૧૯-૮-૨૦૨૫ ના રોજ યોજનાર આગામી ''રાયલા'' પ્રોજેક્ટ અંગેની માહિતી રાજેશ્વરી રાવલ દ્વારા આપવામાં આવી. આ પ્રોજેક્ટ માટે કેવી રીતે તૈયારી કરવી તેની ચર્ચા પણ કરવામાં આવી.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## Project - 19

પ્રોજેક્ટ : ૧૫ મી ઓગષ્ટ (સ્વાતંત્ર દિવસની ઉજવણી)

તારીખ : ૧૫-૮-૨૦૨૫, શુક્રવાર
સ્થળ : ડી. એસ. પારેખ અંધ વિદ્યાલય

શ્રી ડી. એસ. પારેખ બહેરા મુંગા શાળા તથા શ્રી કિરચંદભાઇ કોઠારી વાન પ્રસ્થાક્ષમ ૧૫ મી ઓગષ્ટ સ્વાતંત્ર દિવસનું આમંત્રણ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર ને આપેલ આ આમંત્રણ ને માન આપી ૭૯ સ્વાતંત્ર દિવસની હર્ષોલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવી.

સવારે ૮-૪૫ કલાકે બધા રોટેરિયન મિત્રો ભેગા થયા ૯-૦૦ કલાકે રો. પ્રેસિડનટ હિરેન શાહ દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું.

રો. નિશા કેલા એ પ્રેરણા દાયક ઉદ્‌બોધનમાં સ્વાતંત્ર દિવસની આઝાદીનું મહત્વ સુંદર રીતે સમજાવેલ હતું તેમજ આપણા દેશ માટે પ્રેમ અને એકતા જાળવવી કેટલી જરૂરી છે દેશના નાગરિક તરીકે આપણું કર્તવ્ય ષ્ઠિા, સત્ય અને સેવાભાવથી નિભાવવું જોઈએ જેથી દેશની પ્રગતિ અને ગૌરવ વધે સૌને રાષ્ટ્રના ગૌરવ વધારવા માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરવાની અપીલ કરવામાં આવી.

કાર્યક્રમના પૂર્ણતા રો. સેક્રેટરી જીતેશ દફતરી દ્વારા આભારવિધી કરવામાં આવી. જેમા ઉપસ્થિત મહાનુભાવો શાળા પરિવાર અને તમામ સહયોગીઓને હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં રો. પ્રેસિડન્ટ હિરેન શાહ, રો. સેક્રેટરી જીતેશ દફતરી, રો. કમલેશ રાવલ, રો. રશ્મિન મહેતા, રો. ચિંતન રાવલ, રો. નિતિન પટેલ, ફસ્ટ લેડી તોરલ શાહ, હેમાલી દફતરી તથા રો. નિશા કેલાએ હાજરી આપેલ તથા શાળ પરિવારના તમામ સ્ટાફે ખૂબ ઉત્સાહ અને દેશ ભકિતની લાગણી સાથે ભાગ લીધો.

અંધ વિદ્યાલયમાં રહેતા વડિલોને તથા રોટેરિયન મિત્રોને રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા સેક્રેટરી રો. જીતેશ દફતરી દ્વારા સવારે જલેબી, ફાફડા, ચા, કોફીની ફેલોશીપ આપવામાં આવી હતી.

આ રીતે સ્વાતંત્ર પર્વ સૌના સહકારથી યાદગાર રીતે પૂર્ણ થયો.





ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555







## Project - 20

પ્રોજેક્ટ : ''રાયલા''
પ્રોજેક્ટ ચેર : રાજેશ્વરી રાવલ
પ્રો. કો. ચેર : રો. કલ્પના મહેતા

તારીખ : ૧૯-૮-૨૦૨૫, મંગળવાર
સ્થળ : રોટરી હોલ, સુરેન્દ્રનગર

''**RYLA**'' રોટરી જુથ લીડરશીપ ડિસ્ટ્રીકમાંથી આવેલ પ્રોજેક્ટનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું.

રાયલા પ્રોજેક્ટમાં અગાઉ સાતમા-આઠમની રજા હોવા છતા ૧૨૦ રજીસ્ટ્રેશન થયા હતા આ પ્રોજેક્ટમાં ધોરણ ૧૧,૧૨ વિદ્યાર્થી પાર્ટીસિટપ કરેલ. સવારે ૭:૪૫ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ, રો. સેક્રેટરી જીતેશ દફતરી, પ્રોજેક્ટ ચેર રાજેશ્વરી રાવલ, કો.ચેર કલ્પના મહેતા તથા વિદ્યાર્થી તથા રોટેરિયન સભ્યો રોટરી હોલ ખાતે હાજર હતા તથા સાથે મળીને સવારે બ્રેકફાસ્ટ કર્યો.

સવારે ૯-૦૦ કલાકે રજીસ્ટ્રેશનની શરૂઆત થઈ હતી. જેમાં રો. ઉદય રાવલ તથા રો. કમલેશ રાવલ દ્વારા સુંદર રીતે રજીસ્ટ્રેશનનું કાર્ય સંભાળ્યું.

''રાયલા'' પ્રોજેક્ટની શરૂઆત રો. પ્રેસિડન્ટ હિરેન શાહ, રો. સેક્રેટરી જીતેશ દફતરી તથા આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય થી કરવામાં આવી.

પ્રોજેક્ટ ચેર રાજેશ્વરી રાવલ દ્વારા ''રાયલા'' વિશેની પ્રાથમિક માહિતી આપવામાં આવી.

સવારે ૧૦ થી ૧૧ કલાક સ્પીકર મીટીંગ
સ્પીકર : રો. નરેશ કેલા
ટોપીક : ''પોઝિટિવ એટીટયુડ''

સ્પીકર મીટીંગમાં રો. નરેશ કેલા એ ''પોઝિટિવ એટીટયુડ'' વિષય પર ખૂબ સરસ માર્ગદર્શન આપ્યું તેમણે સમજાવ્યું આપણે આપણા મનને પોઝિટીવ કેવી રીતે રાખી શકીએ ? નેગેટિવી મનને પોઝિટીવ તરફ લઈ જવુ મુશ્કેલ હોય છે. મન તો એ કુદરતી અભિગમ છે. એટલે કે જે વિચારો છો એજ તમે બની શકો છો. પોઝિટીવ વિચારો એટલે સકારાત્મક દષ્ટિકોણ રાખવો. જે વ્યકિત પોઝિટીવ વિચારે છે તે દરેકને આદર અને સન્માન આપે છે. તેમના વિચારો સૌ માટે પ્રેરણાદાયી સાબિત થયા.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

સવારે ૧૧ થી ૦૧ કલાક સ્પીકર મીટીંગ

સ્પીકર : ડો. વિજય ઠક્કર (આણંદ)

ટોપીક : ‘‘લીડરશીપ ડેવલોપમેન્ટ’’

ડો. વિજય ઠક્કર એ ‘‘લીડરશીપ ડેવલોપમેન્ટ’’ વિષય પર ખૂબજ પ્રેરણાદાયી માર્ગદર્શક વકતવ્ય આપ્યું.

લીડરમાં નિર્ણય લેવાની શક્તિ લોકોને પ્રોત્સાહિત કરવાની ક્ષમતા અને મુશ્કેલીમાં શાંતિથી કામ કરવાની કળા હોવી જોઈએ તે પોતાના શબ્દથી નહી પણ પોતાના વર્તનથી ઉદાહરણ પુરૂ પાડે તોજ સાચો લીડર ગણાય સૌને સાથે લઈને ચાલે તેનામા ઈમાનદારી, જવાબદારી અને હિંમત હોવી જોઈએ લીડર સારા વિચારો વાળો ન્યાય અને સૌને સમાન રીતે વર્તન કરનાર આ બધા ગુણો સાથેનો લીડર સફળતા તરફ દોરી શકે છે આ વિષયને ડો. વિજય ઠાક્કરે PPT દ્વારા ખૂબ જ સરળ અને સુંદર રીતે સમજાવ્યું.

બપોરે ૧:૦૦ થી ૨:૦૦ લંચ બ્રેક

બપોરે વિદ્યાર્થી તથા રોટેરિયન સભ્યો સ્વાદિષ્ટ લંચનું આયોજન રોટરી હોલ ખાતે રાખવામં આવ્યું હતું બધા સાથે મળીને લંચ લીધુ.

બપોરે ૨:૦૦ થી ૨:૪૫ સ્પીકર મીટીંગ

સ્પીકર : ડો. શ્યામ શાહ

ટોપીક : ‘‘કરિયર ગાઈડન્સ’’

ડો. શ્યામે ‘‘કરિયર ગાઈડન્સ’’ વિષય પર ખૂબ જ રસપ્રદ માર્ગદર્શન આપ્યું.

બાળકોમાં અત્યારની આધુનિક સુવિધા જેમ કે મોબાઈલ, ટી.વી. ગેમ વગેરે સુવિધાનો સારી કેરિયર માટે પણ ઉપયોગ કરી શકાય છે.

આજના યુગમાં યોગ્ય કેરિયર પસંદ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. વ્યકિતની રસ, કૌશલ્ય અનેક્ષમતાને ધ્યાનમાં રાખી કેરિયર પસંદ કરવું જોઈએ.

બાળકોએ વ્યકિતગત રીતે કરિયર અંગે પ્રશ્નો પૂછ્યા, જેમ કે એન્જિનીયર, આઈ.પી.એસ., સિવિલ એન્જિનીયર, મેડિકલ વગેરે ક્ષેત્રોમાં કેવી રીતે આગળ વધવું. આ તમામ પ્રશ્નોના જવાબ ડો. શ્યામ દ્વારા ખૂબ જ સરળ અને સ્પષ્ટ રીતે આપવામાં આવ્યા.

બાળકોને પ્રેરણાદાયી માર્ગદર્શન મળ્યુ ખાસ કરીને વિદ્યાર્થી ને કરિયર વિષે નવી દિના જોવા મળી.

બપોરે ૨:૪૫ થી ૪:૦૦ સ્પીકર મીટીંગ

સ્પીકર : ડો. દિપ્તી કુંડલ (બી.એડ.કોલેજ)

ટોપીક : ‘‘પર્સનલ ગ્રોથ’’

ડો. દિપ્તીબેન કુંડલ યુવા વર્ગમાં પર્સનલ ગ્રોથ કેવી રીતે વિકસે એનું ખૂબ સરસ મનનીય પ્રવચન આપ્યુ એના વિવિધ પાસાઓ, તકો, પડકાર, સહાય, આવડત વગેરે ને દાખલો આ સાથે ખૂબ સુંદર રીતે સમજાવ્યા અને ભાષાના આરોહ, અવરોહ સાથે સાંભળનારને હંમેશા યાદ રહી જાય એવુ વકતવ્ય આપ્યું.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



બપોરે ૪:૦૦ થી ૪:૪૫

મનોરંજક : આરતી શાહ

ટોપીક : ગેમ્સ એન્ડ ફન

આરતી શાહ દ્વારા વિવિધ રસપ્રદ અને મનોરંજક ગેમ્સ રમાડવામાં આવી. આ ગેમ્સમાં વિદ્યાર્થી ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ગેમના અંતે ડેરિમિલ્ક આપી સન્માનિત કરવામાં આવ્યા.

સાંજે ૫:૦૦ કલાકે

મનોરંજક : ડો. સિધ્ધેશ વોરા એન્ડ ડો. અમી વોરા

ટોપીક : અંતાક્ષરી

આ અંતાક્ષરી ડિઝિટલ સ્કીન પર રમાડવામાં આવી ટીમ મુજબ યોજાયેલી આ અંતાક્ષરીમાં યુવાનો વચ્ચે હર્ષોલ્લાસ સ્પર્ધા જોવા મળી ડિજિટલ માધ્યમથી અંતાક્ષરી યોજાતા નવીન અનુભવ થયો. જેના કારણે સંગીત પ્રત્યે રસ તથા મિત્રતાને ભાવ વધુ મજબુત બન્યો.

‘‘રાયલા’’ પ્રોજેકટનું એકરીંગ મેઘાવિની રાવલ દ્વારા કરવામાં આવ્યું.

હાઈ-ટી દરમ્યાન ચા, કોફી, વડાપાઉની ફેલોશીપ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તરફથી આપવામાં આવી હતી.

‘‘રાયલા’’ શિબિરમાં વિદ્યાર્થી આત્મવિશ્વાસ, નેતૃત્વ, સકારાત્મક વિચારસરણી તથા વ્યકિતત્વ વિકાસ જેવા જીવન માટે જરૂરી ગુણો શીખવા મળ્યા આ ‘‘રાયલા’’ શિબિર વિદ્યાર્થીઓ માટે ખરેખર પ્રેરણાદાયક અનુભવ સાબિત થયો.










ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555







## Meeting - 8

મીટીંગ કોલ ટુ ઓર્ડર : મેઘાવિની રાવલ
સુવિચાર : રો. ચિંતન રાવલ
એટેન્ડન્સ : રો. સિધ્ધેશ વોરા
ફોરવે ટેસ્ટ : રો. ક્રિષ્ના સોલંકી
ગ્રીટીંગ્સ્ : રો. પારસ સોલંકી
તા. ૨૦-૮-૨૦૨૫, બુધવાર

૧૫ મી ઓગષ્ટનો અહેવાલ રો. ચિંતન રાવલ દ્વારા આપવામાં આવ્યો.

રાયલા પ્રોજેક્ટની વિસ્તૃત માહિતી રો. કમલેશ રાવલ દ્વારા આપવામાં આવી.

આગામી પ્રોજેક્ટ અંગેની ચર્ચા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ નવરાત્રીની તૈયારી કેવી રીતે કરવી તે અંગેની માહિતી આપી.

## Project - 21

પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ (એક)
તારીખ : ૨૬-૮-૨૦૨૫, મંગળવાર
સ્થળ : માનવ સેવા અંધ વિદ્યાલય

સમાજમાં આરોગ્ય જાગૃતિ ફેલાવવાના હેતુસર અને ખાસ કરીને આંખોની સંભાળ માટે, શ્રી. ડી. એસ. પારેખ બહેરા મુંગા શાળા તથા કિરચંદભાઈ કોઠારી વાનપ્રસ્થમ સુરેન્દ્રનગર ખાતે વિશેષ નેત્ર તાપસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર અને શ્રીમદ રાજપંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યો.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



રો. પ્રેસિડન્ટ હિરેન શાહ, શાળાના પ્રમુખ તથા સંચાલકો એ દિપ પ્રાગટ્યથી શરૂઆત કરવામાં આવી હતી.

આ આઈ ચેક અપ કેમ્પમાં ૫૫ બાળકો તથા બાળિકાઓ, વૃદ્ધાશ્રમના ૧૨ વૃદ્ધો, તેમજ શૈક્ષણિકબ વિભાગના ૮ કર્મચારીઓની આંખોની તપાસ કરવામાં આંખોની તપાસ કરવામાં આવી તથા નંબર ચકાસવામાં આવ્યા આંખોનું તપાસ કરતા, જેમને આંખોનું નંબર હોવાનું નિદાન કરવામાં આવ્યું તેમને સ્થળ પર જ ચશ્મા અપાયા.

આ આઈ ચેક અપ કેમ્પ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ સંસ્થાના પ્રમુખ તમજ શાળાના સંચાલક શ્રી અતુલભાઈ એમ. શાહના માર્ગદર્શનની અને દેખરેખ હેઠળ કરવામાં આવ્યો.

શ્રીમદ રાજચંદ્રમિશન, ધરમપુરના વિઝન આસિસ્ટન્ટ અસ્મિતાબેન, શ્રી સુનીલભાઈ, શ્રી આકાશભાઈ, શ્રી વસંતકુમાર, શ્રી આદિત્યભાઈ ગામીત નિઃસ્વાર્થ સેવા, પ્રયત્નો તથા કુળતાને કારણે આ પ્રોજેક્ટને વિશેષ સફળતા મળી.

મુકબધિર બાળકો અને વૃદ્ધાશ્રમના વડિલો સાથે કરાયેલ આ પ્રોજેક્ટ ફક્ત એક આરોગ્ય શિબિર પુરતુ જ ન રહ્યું પણ સમાજમાં આરોગ્ય, જાગૃતિ, માનવ સેવા અને સહકારની ભાવનાને મજબુત બનાવવાનો આધાર પૂરો પાડ્યો, આ પ્રોજેક્ટ સૌ માટે આશીર્વાદ રૂપ સાબિત થયો.












ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## Project - 22

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ (બે)**

**તારીખ : ૨૭-૮-૨૦૨૫, બુધવાર**
**સ્થળ : નિરાંત ઘર (સોમાસર)**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર રોટરેક્ટ કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ રાજચંદ હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યો.

તા. ૨૭-૮-૨૦૨૫ ના રોજ સોમાસર ગામમાં અનુબંધ સંસ્થા દ્વારા સંચાલિત નિરાંત ઘર ના ૮૦ મેમ્બરો તથા પ્રચાર કરતા આજુબાજુના ગામવાસીઓ સાથે કુલ ૧૦૦ લોકો જોડાયા હતા. એમ કરીને ૧૮૦ સંખ્યા થઈ હતી. તમામની આંખોની તપાસ તેમને નંબર ચેક કરવામાં આવ્યા હતા.

નંબર ચકાસવામાં, જેમની આંખોમાં નંબર હોવાનું નિદાન થયુ તેમને શ્રી રામચંદ્ર હોસ્પિટલ (ધરમપુર) વિઝન કેર દ્વારા નંબર વાળા ચશ્મા ફ્રી માં આપવામાં આવ્યા.















ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## Project - 23

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ (ત્રણ)**

**તારીખ : ૨૮-૮-૨૦૨૫, ગુરૂવાર**
**સ્થળ : સવાશાળા**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર રોટરેક્ટ કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ રાજચંદ હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યો.

આ કેમ્પમાં ધોરણ ૧ થી ૧૦ વિદ્યાર્થીઓ હતા. જેમાં ૫૮૪ વિદ્યાર્થીઓને આંખોની તપાસ, નંબરની તપાસ તથા તેમની આંખોને લગતી આરોગ્યનું સંપૂર્ણ તપાસ કરવામાં આવી તથા સ્વચ્છ આંખો માટેની માહિતી પણ આપવામાં આવી જેમને નંબર હોવાનું નિદાન થયું તેમને શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ (ધરમપુર) વિઝન કેર દ્વારા, વિદ્યાર્થીઓને ફ્રી માં નંબર વાળા ચશ્મા આપવામાં આવ્યા.

સવાશાળાના પ્રિન્સીપાલ હર્ષિતાબેન રાવલ, રો. પ્રેસિડન્ટ હિરેન શાહ તથા હર્ષિત શાહના દેખરેખ હેઠળ કરવામાં આવ્યો.







ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555















# CAKES AND CANDLES




| | | | | |
|---|---|---|---|---|
| 1 | Aug. | Ann. | Ria Kalpeshbhai Wandra | B.D. |
| 3 | Aug. | Ann. | Arti Ulhas Marathe | B. D. |
| 7 | Aug. | Rtn. | Kinjal Dinesh Shah | B. D. |
| 7 | Aug. | Ann. | Deepa Ulhas Marathe | B. D. |
| 7 | Aug. | Spo. | Hemali Jiteshbhai Daftari | B. D. |
| 9 | Aug. | Spo. | Hetal Pallavbha Shah | B. D. |
| 11 | Aug. | Rtn. | Dipakbhai Gurjar | B. D. |
| 12 | Aug. | Rtn. | Kalpesh Goswami | B. D. |
| 16 | Aug. | Spo. | Meghnaben S. Mehta | B. D. |
| 17 | Aug. | Spo. | Manisha Bhaveshbhai Parmar | B. D. |
| 20 | Aug. | Spo. | Alka Jitendrabhai Rathod | B. D. |
| 21 | Aug. | Rtn. | Udaybhai Raval | B. D. |
| 22 | Aug. | Spo. | Rajeshwary Kamleshbhai Raval | B. D. |
| 22 | Aug. | Spo. | Dr. Vipula Bipinbhai Shah | B. D. |
| 24 | Aug. | Spo. | Dr. Amiben Siddhsbhai Vora | B. D. |
| 24 | Aug. | Rtn. | Dr. Siddeshbhai & Amiben Vora | W. A. |
| 25 | Aug. | Rtn. | Dr. Sumanbhai Pujara | B. D. |
| 26 | Aug. | Ann. | Khushbu Kamleshbhai Raval | B. D. |
| 26 | Aug. | Ann. | Sachi Jineshbhai Shah | B. D. |
| 26 | Aug. | Spo. | Meghavini Raval | B. D. |
| 28 | Aug. | Rtn. | Krishna Solanki | B. D. |
| 31 | Aug. | Ann. | Adit Jiteshbhai Daftari | B. D. |
| 31 | Aug. | Ann. | Mahi Parasbhai Solanki | B. D. |

## CLUB CONTACTS

**PRESIDENT**
*Rtn. Hiren Shah*
90677 89182
hirenshah6699@gmail.com

**SECRETARY**
*Rtn. Jitesh Daftari*
98252 23552
daftory@hotmail.com

**BULLETIN EDITOR**
*Rtn. Krishna Solanki*
94081 12173
krishnaomicron@gmail.com

Publisher : Rotary Club of Surendranagar